જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૧૧/૨૦૧૭ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :-</u> <u>સમાચાર યાદી નં.૨૨૩૦/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૭૨ કેસ કરી, ૬૪ વ્યક્તિઓને ઝડપી, ૧૭૪ લીટર દેશી દારૂ, ૪૨૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨ સ્કૂટર અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૭,૨૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૨૩૧/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૬૩૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૧૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૨૩૨/૧૭</u>**

**વસ્ત્રાપુરઃ** સુનીલ દ્વારકાદાસ કંધારી (રહે.ઓક્સ ફોર્ડ ટાવર વીમુર્તી કોમ્પ્લેક્ષની સામે ગુરૂકુલ રોડ મેમનગર) એ તા.૩/૧૧/૧૭ નારોજ **વસ્ત્રાપુર** પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૧૦/૧૭ રાતના ૧૧/૩૦ થી તા.૨૯/૧૦/૧૭ કલાક ૧૦/૩૦ વાગ્યા દરમ્યાન ગુરૂકુલ રોડ નવનીત હાઉસની સામે સુર્યા કોમ્પલેક્ષમાં આવેલ પોતાની દુકાન નંબર- ૨૨ ના શટરનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી મોબાઈલ ફોન, ચોકલેટનુ બોક્ષ, કેક અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૬૨,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ વુ.પો.સ.ઇ.શ્રી એન.આર.ભરવાડ ચલાવે છે.

**કાગડાપીઠઃ** ધર્મેન્દ્રભાઇ રાજેન્દ્રભાઇ પુરોહિત (રહે. કેદાર ટાવર રાજસ્થાન હોસ્પિટલની સામે, શાહીબાગ) એ **કાગડાપીઠ** પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧/૧૧/૧૭ સાંજના ૭/૩૦ થી તા.૨/૧૧/૧૭ કલાક ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન કાંકરીયા સુમેલ-૩ ઇ-૨૨૨ જયશ્રી ફેબ્રીકસ નામની દુકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી રોકડ રૂપિયા ૧,૫૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.જી.ચૌધરી ચલાવે છે.

**<u>વાહન ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૨૩૩/૧૭</u>**

**રાણીપ**ઃ દીપકભાઇ રમેશભાઇ દેસાઇ (રહે.વિશ્વદીપ ગવર્મેન્ટ સોસાયટી રાધાસ્વામી રોડ રાણીપ) એ તા.૩૧/૧૦/૧૭ રાતના ૧૧/૦૦ વાગે પોતાના રહેણાંક નજીક પોતાની ઈનોવા કાર નંબર જીજે૧૮ બીસી ૬૯૯૪ કિમત રૂપિયા ૫,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૩/૧૧/૧૭ કલાક ૭/૧૫ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ દીપકભાઈ દેસાઈએ તા.૩/૧૧/૧૭ નારોજ **રાણીપ** પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી સિધ્ધરાજસિહ શંભુસિહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.